ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૩-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ગેંગરેપ મુદ્દે અદાલતનું કડક વલણ વાજબી

દિલ્હી ગેંગરેપની ચકચારભરી ઘટના પછી દેશ આખો ધ્રુજી ગયો હતો અને રાજધાની દિલ્હી ઉપરાંત મુંબઈ - કોલકતા જેવાં મહાનગરોમાં દિવસો સુધી દેખાવો થતા રહ્યા હતા. નિર્ભયા કે દામિની જેવા તખલ્લુસથી ઓળખાતી એ બહાદુર યુવતીનું બલિદાન એળે ન જાય એ સારું આખેઆખા રેપના કાયદામાં ફેરફાર કરાયો હતો, જયાં એક તરફ સુસંસ્કૃત અને અહિંસક પ્રજા લેખે ફાંસી જેવી ક્રૂર સજા નાબૂદ કરવાની સૈદ્ધાંતિક ચર્ચા નિરંતર ચાલતી રહેતી એવી સંસદે બળાત્કાર માટે ફાંસી સુધીની સજા આપવાની હિમાયત કરી હતી અને તદ્નુસાર કાયદો બદલવામાં આવ્યો હતો. એ મુજબ નીચલી અદાલતે અને તાજેતરમાં દિલ્હી હાઈકોર્ટ નિર્ભયા સામૂહિક બળાત્કાર કાંડના ચાર આરોપીઓને ફાંસીની સજા ફરમાવી છે, જેથી દેશ આખામાં આવા અકૃત્યો કરનારાઓ સામે દાખલો બેસે. પરંતુ દિલ્હી હજી પણ 'રેપ કેપિટલ' તરીકે બદનામ જ રહ્યું છે. એકાદ દિવસ અગાઉ વિદેશી મહિલાને કપડાં વેચવા આવનારા બે માણસોએ શિકાર બનાવી છે. મહિલાઓ માટે મુંબઈ પ્રમાણમાં સલામત ગણાતું મહાનગર છે પરંતુ શક્તિમિલ કમ્પાઉન્ડમાં એક ટેલિફોન ઑપરેટર અને એક ફોટોજર્નાલિસ્ટ સામે વંઠેલા નબીરાઓ દ્વારા જઘન્ય સામૂહિક દુષ્કર્મ આચરાયાની હકીકત પ્રકાશમાં આવ્યા પછી મુંબઈ પણ મહિલાઓ માટે અસુરક્ષિત બની ગયું હોવાની છાપ ઊભી થઈ હતી. નિર્ભયા ગેંગરેપની જેમ આ શક્તિમિલ કમ્પાઉન્ડ સામૂહિક દુષ્કર્મ કાંડની પણ તપાસ ઝડપથી પૂરી કરી અદાલતે એના ચારે દોષિતોને મૃત્યુ પર્યંત જનમટીપની સજા સંભળાવી સમાજનાં અનિષ્ટ તત્વો પર ધાક બેસાડવાનું પ્રશંસનીય પગલું ભર્યું છે. બેઉ કેસમાં ત્રણ આરોપી સમાન હોઈ સરકાર પક્ષે તો આ જઘન્ય અપરાધ બદલ ફાંસીની સજાની જ માગણી કરાઈ હતી. ટેલિફોન ઓપરેટર સાથેના દુષ્કર્મનો ચુકાદો સેશન્સ કોર્ટે જાહેર કરી દીધો છે અને ફોટોજર્નાલિસ્ટવાળા કેસનો ચુકાદો સોમવાર પર મુલતવી રાખ્યો છે. ગત વર્ષે જુલાઈ ૩૧ અને ઑગસ્ટ ૨૨ના રોજ આચરાયેલા આ ગુનામાં અદાલતે વિક્રમજનક ઉત્સાહ દર્શાવી સમયસર કડક ચુકાદો આપી દાખલો બેસાડવાનો પ્રયાસ કર્યો છે. અંગ્રેજીમાં કહેવત છે કે 'જસ્ટિસ ડિલેઈડ ઈઝ જસ્ટિસ ડિનાઈડ?' મોડે મોડે મળતો ન્યાય એ ન્યાય નહીં મળ્યા બરાબર જ ગણાય. આપણા દેશની અદાલતોમાં લાખો કેસો પડતર પડેલા રહે છે અને કયારેક તો કાચા કામના કેદી અડધી જનમટીપ ભોગવ્યા પછી પુરાવાના અભાવે નિર્દોષ છૂટી જતા હોય છે. બળાત્કાર એ વિશિષ્ટ પ્રકારનો ગંભીર માનવીય અપરાધ છે. એવો ગુનો આચરનાર નિર્દોષ સ્ત્રીનું જીવન બરબાદ કરી મૂકતો હોય છે. તેથી એને ખૂનના ગુના જેટલો જ ગંભીર ગુનો ગણવો જોઈએ અને એની સામે યુદ્ધના ધોરણે તપાસ ચલાવી વહેલી તકે વધુમાં વધુ સજા અપાવી જોઈએ. આપણી ન્યાય પ્રણાલીમાં ખુલ્લી નીચલી કોર્ટે આપેલા ચુકાદા વિરુદ્ધ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની બારીઓ ખુલ્લી રહેતી હોઈ સજાનો અમલ થતાં વર્ષો નીકળી જતાં હોય છે. ફાંસીની સજા સામે તો છેલ્લે રાષ્ટ્રપતિને દયાની અરજીનો વિકલ્પ પણ રહે છે. આ તમામ ન્યાયિક પ્રક્રિયામાં ગતિ આણી સામૂહિક દુષ્કર્મ જેવા જઘન્ય અપરાધના આચરનારાઓને વેળાસર સજા આપવામાં આવશે તો એથી સમાજમાં ફેલાયેલા આ દૂષણ પર અંકુશ મેળવી શકાશે એવી આશા અસ્થાને નથી.

બાળકો શાકમાર્કેટની મુલાકાતે

સ્કુલ ઓફ એચિવર ફુડાસણ અંગ્રેજી માધ્યમના ભૂલકાઓ માટે ફીલ્ડ ટ્રીપ યોજવામાં આવી હતી. નાના ભૂલકાંઓ પર્યાવરણ, આરોગ્ય અને સ્વચ્છતાની સમજણ કેળવે તે માટે સેકટર-૨૧ શાક માર્કેટમાં લાવવામાં આવ્યા હતા. જયાં અલગ અલગ શાકભાજી બતાવી જાણકારી આપવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

સાહેબ આપણી પાર્ટીનું લીસ્ટ આ રહ્યું, આમાં જે ઉમેદવારો નારાજ છે એવા જ છે, ખુશ છે એવા તો સામી પાર્ટીમાં જતા રહ્યા છે.

નર્સિંગ હોસ્ટેલમાં વિદ્યાર્થિની પર થયેલ શારીરિક અત્યાચારનો વિરોધ

ગાંધીનગર, તા. ૨૨

હજુ સુધી પાટણનો કિસ્સો ભુલાયો નથી અને ગુજરાત સરકારના રાજમાં જે.જી. કેમ્પસમાં માસુમ બાળકી જે એફવાયબીએસસી નર્સિંગમાં અભ્યાસ કરે છે તેની જ હોસ્ટેલના રસોઈયાએ બળજબરીપૂર્વક બળાત્કાર કરવાનો પ્રયત્ન કર્યો.

આ બનાવની જાણ વિદ્યાર્થિનીએ જે.જી. નર્સિંગના ડાયરેક્ટર સૌરભ ચોકસીને કરી હતી. ત્યારે સૌરભ ચોકસી દ્વારા વિદ્યાર્થીની પર દબાણ લાવી શૈક્ષણિક વર્ષ બગડવાની ધમકી સાથે વિદ્યાર્થિની જોડે દબાણપૂર્વક આવી કોઈ ઘટના બનેલ નથી તેવું કાગળ પર લખાણ લઈ સૌરભ ચૌકસી પોતે આ ઘટનામાં પોતાનો હાથ હોવાનું ઘટના છુપાવવાનો પ્રયત્ન કરેલ. તેના વિરોધમાં એનએસયુઆઈ ખુબ મોટી સંખ્યામાં ઉગ્ર આંદોલન સાથે જે.જી. કોલેજના ડાયરેક્ટર સૌરભ ચોકસીને સસ્પેન્ડ કરવાની માંગણી કરી છે. કોઈ પણ વિદ્યાર્થિની પર શારીરિક અત્યાચાર થાય, બળાત્કારનો પ્રયત્ન થાય તે સામાજીક વ્યવસ્થા માટે કલંકરૂપ છે જે એનએસયુઆઈ ક્યારેય સહન નહી કરે.

અમદાવાદ શહેર પ્રમુખ ધનરાજસિંહ વાઘેલા અને પૂર્વ સેનેટ સભ્ય હરસમુખ ચૌધરી ઉગ્ર વિરોધ સાથે એલાન કર્યો છે જો સૌરભ ચોકસીને ૨૪ કલાકમાં સસ્પેન્ડ કરવામાં નહી આવે અને આ ઘટના સામે કડક પહલાં લેવામાં નહી આવે તો એનએસયુઆઈ પોતે ફરિયાદી બનીને પોલીસ સમક્ષ ફરિયાદ કરશે અને કોલેજના તમામ સત્તાધીશોને ઘરભેગા કરશે. પ્રદેશ મહામંત્રી રાહુલ પરીખ જણાવે છે કે એનએસયુઆઈ પાસે તમામ પુરાવા હોવાથી આ દુર્ઘટનાને ગંભીરતાથી લેવામાં નહી આવે તો એનએસયુઆઈ તમામ સત્તાધીશો સામે ઉગ્ર આંદોલન કરશે. આ આંદોલનમાં વિશ્વનાથસિંહ વાઘેલા, વિશાલસિંહ ગુર્જર, દીપક બારોટ સહીત ખુબ જ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યાં હતા.

ગઝલ યાત્રા પર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭માં સંસ્કૃતિ સંસ્થા અને સાહિત્ય અકાદમી દ્વારા ગઝલની યાત્રા વિષય પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અધ્યક્ષ તરીકે ભાગ્યેશ જહા સચિવશ્રી, ઉદઘાટક તરીકે હર્ષ બ્રહ્મભટ્ટ, ગઝલકાર અને અધિક સચિવશ્રી અને મણીભાઈ પટેલ પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં રાજેન્દ્ર શુકલએ ગઝલનું અંતસ્તત્વ સ્વરૂપમાં પ્રેરણા, અભિવ્યકિત અને રૂપ વિશે માહિતી આપી હતી. રશીદ મીરે ગઝલ સ્વરૂપે અને આકૃતિ, ગઝલનો ઉદભવ વિશે વિગતે છણાવટ કરી હતી. ઉપરાંત ઉપસ્થિત કવિઓએ ગઝલો રજુ કરી હતી. કાર્યક્રમમાં આચાર્યા ડૉ. ઉર્મિલા ચૌધરી, સંસ્કૃતિના પ્રમુખ રમેશભાઈ પટેલ, મનોજ શુકલ સહિત કોલેજની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય સાદરા ખાતે રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય સાદરા ખાતે ૨૪ અને ૨૫ માર્ચ દરમિયાન 'ભારતીય સાહિત્ય અને સિનેમામાં ગામડાંનું નિરૂપણ' વિષય પર બે દિવસનો રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો છે. ૨૪ તારીખે યોજાયેલી ઉદઘાટન બેઠકમાં અધ્યક્ષ તરીકે કુલસચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં બીજરૂપ વકતવ્ય કલકત્તાના જાણીતા ફિલ્મ દિગ્દર્શક બુદ્ધદેવ દાસ ગુપ્તા આપશે. દિલ્હીના આશુતોષ કુમાર 'ભારતીય સાહિત્યમાં ગામડાંનું નિરૂપણ' વિષય પર વકતવ્ય આપશે. ૨૫ તારીખે ભરત મહેતા 'ગુજરાતી સિનેમામાં ગામડાંનું નિરૂપણ', શિરીષ પંચાલ 'ગુજરાતી સાહિત્યમાં ગામડાંનું નિરૂપણ' અને અમૃત ગંગર 'ભારતીય સિનેમામાં ગામડાંનું નિરૂપણ' વિષય પર વકતવ્યો આપશે.

આ બે દિવસના પરિસંવાદ દરમિયાન વિવિધ બેઠકો અંતર્ગત જુદી જુદી કોલેજોના અધ્યાપકો વિષય સંબંધિત શોધપત્રોની પ્રસ્તુત કરશે. આ બેઠકોના અધ્યક્ષ સ્થાને બકુલ ટેલર અને પ્રણવ જોશીપુરા ઉપસ્થિત રહેશે. ૨૪ તારીખે રાત્રિ કાર્યક્રમમાં કવિ સંમેલનનું આયોજન થયું છે. જેમાં જયેદવ શુકલ, ઉષા ઉપાધ્યાય, રવિન્દ્ર પારેખ, ભાવેશ ભટ્ટ અને અનિલ ચાવડા ભાગ લેશે.

આ બે દિવસના રાષ્ટ્રીય પરિસંવાદની વધુ વિગતો માટે કનુભાઈ વસાવા-૯૪૨૭૪૭૨૮૭૬ અથવા ધ્વનિલ પારેખ-૯૪૨૬૨૬૨૬૧ પર સંપર્ક કરવા વિનંતી.

સે. ૨માં ઠાકોરજીને ૧૦૮ જળાભિષેક કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ગુરુશ્રી શાસ્ત્રીજી મહારાજની સાર્ધ શતાબ્દી નિમિત્તે બાળકો દ્વારા ઠાકોરજીને ૧૦૮ જળાભિષેક અર્પણ કરવામાં આવશે. કાર્યક્રમ અક્ષરધામના પૂ. સંતોની ઉપસ્થિતિમાં પ્લોટ નં. ૧૫૦૬/૧, સેક્ટર-૨-સી ખાતે આજરોજ રવિવારે સવારે ૧૧ થઈ ૧૨ સુધી યોજાશે. જેમાં બાળ સત્સંગ ફેરી કરવામાં આવશે. તેમજ સાંજે ૭.૦૦ કલાકે મહિલા મંડળ દ્વારા ઠાકોરજીની સંધ્યા આરતી કરવામાં આવશે.

સંસ્કારગૃપ વિવિધ પ્રવૃત્તિ કરશે

ગાંધીનગર, તા. ૨૨

સંસ્કારગૃપ ગાંધીનગર દ્વારા આજરોજ રવિવારે સેક્ટર-૭ બગીચામાં સાંજે ૬ થી ૭.૧૫ કલાકે વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવશે. જેમાં સ્વામી વિવેકાનંદના જીવન પ્રસંગો પર પ્રશ્નોત્તરી કરવામાં આવશે. બાળકોને પરીક્ષાલક્ષી ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડવા તેમજ રમત-ગમત અને ડબ્બા ઉજાણી કરવામાં આવશે.

ખુશવંત : બંદા યે બિન્દાસ થા !!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

સાલ : ૧૯૪૩ -તિષ્ઠિત અખબાર ટ્રિબ્યુનના -થમ પાને એક નાનકડી તસ્વીર સાથે એક સમાચાર છપાય છે - એક અવસાન નોંધ. હેડલાઈન હતી 'સરદાર ખુશવંતસિંહ નું નિધન' - અમને જણાવતા અત્યંત દુખ થાય છે કે સરદાર ખુશવંતસિંહનું ગઈકાલે સાંજના ૬ વાગ્યે નિધન થયું છે. તેઓ પોતાની પાછળ એક યુવાન વિધવા પત્ની, બે નાના બાળકો અને હજારો દોસ્તો અને ચાહકોને છોડી ગયા છે . એમને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં હાઈકોર્ટના જસ્ટીસ અને અમુક મંત્રીઓનો સમાવેશ થાય છે 'આ હતું બદમાશ બુઢઢા અને બિન્દાસ લેખક ખુશવંતસિંહનું મોત સાથેનું પહેલું એન્કાઉન્ટર!!! પોતાના મોતને જગત કેવી રીતે જોશે એની પોતે જ કરેલી આ કલ્પના પાછળથી એમના ટૂંકી વાર્તાઓના સંગ્રહ 'પોસ્ટહુમસ'માં છપાયેલી. ખૂબીની વાત એ છે કે ખુશવંતસિંહએ જયારે આ કલ્પના કરી ત્યારે એમની ઉમર હજુ વીસીમાં -વેશી રહી હતી. મોતની કલ્પના ખુશવંતસિંહને સદાય સતાવતી રહેતી હતી જેનો સીલસીલો ૨૦ વર્ષની નાની ઉમરથી જ શરુ થઈ ગયેલો. પોતાના પુસ્તક 'એબ્સોલ્યુટ ખુશવંત'માં આ જીવડો લખે છે કે ૯૫ વર્ષની ઉમરે હવે મને ફક્ત મોતના જ વિચાર આવે છે. હુ વિચારું છું કે એ કેવું હશે? ક્યા હશે? આવશે તો મને ખબર પડશે? એવું નહોતું કે ખુશવંતસિંહને મોતનો ડર હતો કેમકે એ જાણતા હતા કે મોત સનાતન છે, એ આવશે જ. પણ એમને બીક હતી કે મોત આવે ત્યારે હુ આંધળો ના હોઉં, બહેરો ના હોઉં, હુ હસતો ના હોઉં તો કાઈ નહિ પણ એટલીસ્ટ હુ ખુશખુશાલ હોઉં. જીવન -ત્યે મને કોઈ ગીલા શિકવા ના હોય, કોઈ રંજ ના હોય. હુ શાંતી અને એકદમ સ્વસ્થ સ્થિતિમાં આ ફાની દુનિયા છોડી જાઉં. મૃત્યુ ના વિષે પોતાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા એમને એકવાર દલાઈ લામા ને પણ પૂછી લીધેલું કે મોતનો સામનો કેવી રીતે કરવ? ને જવાબ મળેલો મેડીટેશન કરો.

આખી જીન્દગી જીંદાદીલી અને બેફિકરીથી અને બેખોઉંફ પસાર કરનાર અને જેના માટે એમ કહી શકાય કે છલકતા જામ જેવી ભરપુર જીન્દગી જીવીને ૯૯ વર્ષની લાંબી ઈનિંગ રમીને ૨૦ મી માર્ચે આ પત્રકાર, ઈતિહાસવિદ અને ઉચ્ચકોટીના લેખકે દિલ્હીના એમના ઘરમાં આખરી વિદાય લીધી. ખુશ્વંતે એકવાર કહેલું કે મોત આવે ત્યારે કોઈ રિગ્રેટ ના હોય, પૂર્ણ સુકુન હોય, એકદમ સલુકાઈથી મોત આવે અને હુ ચાલી નીકળું. ઉપરવાળાએ પણ જાણે કેમ એમના આ શબ્દો વાંચ્યા હશે તે મોતના દિવસે એમની દિનચર્યા પણ એવી જ રહી. રોજની આદત મુજબ ખુશવંતની ૨૦ માર્ચનો આખરી દીવસ સવારના ૪ વાગ્યામાં ઉઠવાથી શરુ થઈ ગયો, ૭ વાગ્યા સુધીમાં તો એમના હાથમાં એમની ફેવરીટ માલ્ટ વ્હીસ્કીનો ગ્લાસ હતો અને શરુ હતું અખબારોનું વાંચન. એમની ન્યિ ક્રોસવર્ડ પઝલો પૂરવાનું ચાલુ રહ્યું . બેક દીવસથી શ્વાસની તકલીફ ભોગવતા આ ભારતના લોકન્યિ અને વિવાદિત લેખકે કોઈ જ પણ -કારના દર્દ વગર ટ્રેન ટુ હેવન પકડી લીધી જો કે એ કહેતા કે હુ સ્વર્ગ કે નર્કમા વિશ્વાસ નથી ધરાવતો. મર્યા પછી આપણે ક્યા જઈએ છીએ એ કોઈ નથી જાણતું, હુ પણ નહિ. જૈન ફિલોસોફીમા વિશ્વાસ રાખતા ખુશવંતસિંહે મોતનો શોક નહિ પણ ઉત્સવ મનાવવાનું કહેલું અને આ બંદાએ તો જીન્દગીને ભરપુર જીવી લીધેલી, માણી લીધેલી અને એ પણ પોતાની શરતો પર, પોતાના વિચારો સાથે સમાધાન કર્યા વગર જ.

૨૦૦૨મા વર્ષોની એની સાથી અને પત્નીના કવલ મલિકના અવસાન પછી એ વધુ એકલા પડતા ગયા. પત્નીનું અવસાન એ એમના માટે મોતનો -થમ સાક્ષાત્કાર હતો. એ પછી એમણે પોતાની જાતને દિલ્હીના ઘરમા કેદ કરી દીધેલી, લોકોને હળવા મળવાનું ઓછું કરી દીધેલું. પણ એક વસ્તુ એમણે બંધ નહોતી કરેલી અને એ હતું લખવાનું. એમની કોલમો ૧૭ ભાષાઓમા અનુવાદિત થતી હતી અને લાખો - કરોડો વાચકો ખુશવંતસિંહની કટારની કાગડોળે રાહ જોતા હતા. પણ આ શરાબી લેખક એમ ક્યા કોઈ દીવસ કોઈની શરતો પર જીવેલો. એમણે આજથી બેક વર્ષ પહેલા જ એમ કહીને લખવાનું બંધ કરી દીધેલું કે હવે હુ ગમે ત્યારે મરી જાઉં એમ છું. ૭૦ - ૭૦ વર્ષ સુધી એકધારી કોલમો લખનાર આ 'બલ્બ વાળા સરદારે' અચાનક જ કલમને કોરાણે મૂકીને પોતાના લાખો ચાહકો - વાચકોને આઘાતમા ગરકાવ કરી દીધેલા અને એ પણ એવા સમયે કે જયારે એમના લખાણ - કોલમ માટે છાપાવાળાઓ રીતસર પડાપડી કરતા હતા. પણ ના ... આ ખ્યાત કે પછી કુખ્યાત સરદારને હવે લખવું જ નહોતું . કેમ? કેમકે એને હવે મરવું હતું કે પછી મોતની -તીક્ષા કરવી હતી. હવે બહુ થઇ ગયું. ઉદ્યોગપતિ કે.કે. બિરલાએ ખુશવંતસિંહને કહેલું કે સરદાર એક જ વિનંતી છે કે તમે મરો ત્યાં સુધી લખતા રહેજો પ્લીઝ. પણ પોતાના નિયમોથી જીવેલા આ રોમેન્ટિક બુઢઢાએ બિરલાને આપેલું વચન પણ એક જ જાટકે તોડી નાખ્યું. જો કે વાચકોને તો બસ ખુશવંતસિંહ જ જોઈતા હતા એટલે લખવાનું બંધ કર્યા પછી પણ ખુશવંતસિંહ ના જુના લેખો છપાતા રહ્યા.

આમ તો ખુશવંતસિંહનું ક્વોલિફિકેશન લખવું હોય તો એમ લખાય કે પત્રકાર, ઈતિહાસવિદ અને વાર્તાકાર. પણ આ સિવાયના એમને મળેલા ઈલ્કાબો પણ એટલા જ મહત્વના છે. આ પત્રકાર - પત્રકારવાળી તો એમની એક બાજુ હતી ને બીજી બાજુ હતી ઈશ્કી , રોમેન્ટિક બુઢઢો , શરાબી, નો-નોનસેન્સ સરદાર, ગંદો, અશ્લીલ ...એન્ડ લાસ્ટ બટ નોટ લીસ્ટ ઈઝ ધ લેડીઝ મેન....!!!!. પણ આ સરદારને આવા આઉટ ઓફ બોક્ષ ઉપનામોની કોઈ ચીડ નહોતી ઉલટાનું એ તો એમની જીન્દગી મસ્તીથી જીવે જતા હતા અને કર્યે જતા હતા એમનું મનગમતું કામ એક હાથમાં વ્હીસ્કીનો ગ્લાસ અને બીજા હાથમાં કલમ. હજુ હમણા જ એમને રીલીઝ કરી એમની બુક 'ધ ગુડ, ધ બેડ એન્ડ ધ રીડીક્યુલ્સ.' ઈલસ્ટ્રેટેડ વીકલી, નેશનલ હેરલ્ડ અને હિન્દુસ્તાન ટાઈમ્સના આ એડીટરે ત્રણેય પેપરોને ઉગાઈ પર લઈ જવામાં સિંહફાળો આપેલો. જો કે હિન્દુસ્તાન ટાઈમ્સના પદે બેસાડવામાં ઈન્દીરા ગાંધીનો ફાળો વિશેષ હતો અને પછીથી એ જ ઈન્દીરાએ એમને રાજયસભામા પણ મોકલ્યા. એક સમય એવો પણ હતો કે ઈન્દીરા અને સંજય ગાંધીના ચમચા તરીકે ખુશવંતનો ઉલ્લેખ રાજકીય વર્તુળોમા થવો સાવ આમ વાત હતી. પણ આ તો નોખી માટીનો સરદાર એટલે ઓપરેશન બ્લુસ્ટાર વખતે એ જ ઈન્દીરાના નિર્ણયનો વીરોધ કરતાંક ને એમણે રાજયસભામાંથી રાજીનામું આપી દીધું એટલું જ નહિ પણ પદ્મશ્રી પણ પાછો આપી દીધેલો. વીકલીનો તો એમણે જયારે કારભાર સંભાળ્યો ત્યારે સર્ક્યુલેશન હતું ફક્ત ૬૫૦૦૦ અને ૯ વર્ષ પછી મેનેજમેન્ટ સાથેના મતભેદ થવાથી એક જ દીવસમા તંત્રીપદને ઠોકર મારી ત્યારે વીકલીના વેચાણનો આંકડો હતો ૪ લાખ નકલોનો . ખુશવંતસિંહને આપેલી નોટીસમા લખેલું કે તમને તાત્કાલિક અસરથી છુટ્ટા કરવામાં આવે છે અને આ સરદાર ભાયડો ચાલી પણ નીકળેલો જો કે એ પછી વીકલીની હાલત દિન બ દિન કથળતી ગઈ એ અલગ વાત છે. પોતાની બેબાક વાણી અને સ્પષ્ટ વક્તા સ્વભાવથી ખુશવંતસિંહ ઘણા વિવાદોમા પણ ફસાયા. બાબરી મસ્જીદ તૂટી ત્યારે અને ગુજરાતના રમખાણ વખતે પણ એમણે ખુબ ટીકાત્મક લેખો લખેલા. બાબરી વખતે એમણે લખેલું કે અડવાની અને બીજાઓના મોઢા કાળા કરી ને જાહેરમા ફેરવવા જોઈએ. કદાચ આવી જ બેબાક ભાષાને લીધે દિલ્હીમાં જયારે ઈન્દીરા ગાંધીની હત્યા પછી શીખ વિરોધી તોફાનો ફાટી નીકળેલા ત્યારે એમના પર પણ જીવનું જોખમ ઉભું થઈ ગયેલું.

ઠીક છે ખુશવંતની આ કેરિયર અને કારકિર્દી પર તો ઘણું લખાયું છે પણ ખુશવંતસિંહની એક બાજુ બીજી પણ હતી. ખુશવંત શિસ્તના એકદમ આગ્રહી. જીવનના અંત સુધીના દિવસો સુધી પણ એમને મળવા તમારે અગાઉથી પરવાનગી લેવી જ પડે ને જો ભૂલેચૂકે વગર પરમીશને કોઈ પત્રકાર કે દોસ્ત જઈ ચડ્યું તો પત્યું સરદાર ભડકે જ ભડકે. ખુશવંત કદાચ અત્યારના દોરમા એકમાત્ર લેખક હશે કે જે કાગળ પર જ લેખો લખતા કે જેને પછીથી એમનો ટાઈપીસટ્ટ ટાઈપ કરી આપતો. હિમાલયની ગોદમા વસેલા કસોલીના એમના ફાર્મ - કોટેજ પર જયારે ખુસ્વંત જાય ત્યારે અચૂક રોજ સાંજે પાર્ટી થતી, સ્કોચ, ભોજન અને સુંદર સ્ત્રીઓથી ખુશવંતસિંહ ઘેરાયેલા રહેતા. એમની રમૂજવૃત્તિ એટલી ધારદાર હતી કે પાર્ટી હોય કે ઈન્ટરવ્યું એમની આ તીક્ષ્ણ અને ખડખડાટ હસાવી મુકે એવા જોક્સ કે રમુજી વનલાઈનરની બોછાર બોલતી. જો કે છેલ્લા બે વર્ષથી ખુશવંતસિંહ ત્યાં નહોતા જતા. ખુશવંતસિંહ પોતાને મળેલા પત્રોના જવાબ ખુદ પોતે જ લખતા એટલું જ નહિ પણ ફોન કોલના ઉત્તરો પણ પોતે જ આપશે એવો આગ્રહ રાખતા . ઉચ્ચ કોટીની શરાબના શોખીન ખુશવંતનો પીવાનો ટાઈમ પણ ફિક્શ રહેતો. શરૂઆતમા રોજ ના ૩-૪ લાર્જ પેગ ગટકાવી જતા ખુશવંતસિંહ એ પછીથી નાદુરસ્ત અને ઢળતી ઉંમરને ધ્યાનમા લઈને પેગની સંખ્યા એક કે મહત્તમ બે સુધી માર્યાદિત કરી નાખેલી. મજાની વાત એ હતી કે એ ખુદ જ પોતાને ખુલ્લેઆમ શરાબી કહેતા. ૨૫ મા વર્ષથી જ એ શરાબ પીતા થઇ ગયેલા અને એનો ખુલ્લેઆમ સ્વીકાર પણ કરતા પણ સાથે સાથે એ પણ કહેતા કે હુ બીજા બદમાશોની જેમ છુપાવીને નથી પીતો , અને એમની આખી જીન્દગી પણ એમ જ ખુલ્લી કિતાબ જેવી બની રહી. એમણે ક્યારેય કશું છુપાવ્યું નહિ. પોતાની બુક્સ અને કોલમો દ્વારા એ એક પછી એક બધું જ જાહેર કરતા રહ્યા.

ખુશવંતની એક બીજી છબી હતી મહિલો-મીની. એમના જીવનમા અનેક સ્ત્રી મિત્રોનું સ્થાન રહેલું. સાદીયા દહેલવી એ કડીમા આખરી સ્ત્રીમિત્ર હતી જેને ખુશ્વંતે પોતાની ૧૯૯૩ મા -કાશિત બુક 'નોટ એ નાઈસ મેન ટુ નો' ડેડીકેટ કરેલી.. ખુશવંત ખુદ જ ખુલ્લેઆમ કહેતા કે હુ સ્ત્રીઓને એક જ નજરે જોઈ શકે છું અને એ છે વાસનાની નજર . ખુશવંત કહેતા કે મારી આસપાસ રહેતી સ્ત્રીઓમા હુ બહેન, માતા કે દીકરી જેવી પુરાતન ભારતીય વિચારધારા -તીબીમ્બીત થતી નથી જોઈ શકતો. એમના જ શબ્દો મા લખીએ તો 'માય વ્યુ ઓફ સીઈંગ વુમેન ઈસ એઝ ઓબ્જેક્ટ્સ ઓફ લસ્ટ' મુંબઈ મિરરમા શોભા ડે એ લખેલું કે દિલ્હીના એમના દરબારમા રોજ સાંજે ૭ વાગે શરુ થતી પાર્ટીમા મહત્તમ સંખ્યા મહિલાઓની રહેતી .શોભા લખે છે કે એમની સ્ત્રીમિત્રો એવી બનીઠની ને એમની રોજીંદા પાર્ટીમા પહોચી જતી જાણે કે બર્મિંગહામ પેલેસમાં બોલ ડાંસનો કાર્યક્રમ હોય!!! જો કે જતી જીન્દગીએ -કાશિત થયેલી એમની બુક 'ખુશવંતનામા - ધ લેસન ઓફ માય લાઈફ' મા આ ડોહાએ પોતાની મહિલાઓ -ત્યેની આવી દ્રષ્ટિ વિષે ખેદ -ગટ કરેલો. આ જ બુકમા એણે જિંદગીના શરૂઆતના વર્ષોમાં કરેલી અનેક ભૂલો વિષે નિખાલસતાથી કબુલાત કરી છે અને એ બધા જ બનાવો વિષે માફી કે રંજ -ગટ કરવાનું પણ ચુક્યો નથી. આ જ તો હતું ખુશવંત નું સાચું સ્વરૂપ. એકદમ નિખાલસ અને સાફદિલ. એ કહેતો, કરતો અને કબુલ પણ કરતો. કદાચ એટલે જ શોભા ડે એ લખ્યું છે કે એ કોઈ એવો હેન્ડસમ તો નહોતો જ પણ સ્ત્રીઓને આકર્ષી શકવાનું એનું એક કારણ એ હતું કે એ હમેશ -માણિક રહેતો... ઓલ્વેઝ ઓનેસ્ટ!!!!! આઉટલુકના એડિટર વિનોદ મહેતા સાથેની એક વાતચીતમા ખુશ્વંતે કબૂલેલું કે મને ખબર નથી કે કેમ સ્ત્રીઓ મારાથી આકર્ષાય છે પણ એ ખરું છે કે મને એમની કંપની ગમે છે. જો કે જીવનના આખરી વર્ષોમા એને ક્યાંક લખેલું કે હવે હુ સ્ત્રીઓથી કંટાળી જાઉં છું, હવે હુ મારા ઘરની લોનમા ચાલતી પાર્ટી પોણા આઠે પેકઅપ કરીને સ્ત્રીમિત્રો ને જવા માટે હાથ જોડીને વિનંતી કરું છું .

ખુશવંતને નિયમિત વાચનારને ખબર જ હશે કે આજકાલ અને છેલ્લા ઘણા વર્ષોથી વાઈરલ થયેલા સંતા અને બંતાના જોક્સ અસલમાં ખુસ્વંતના સનકી ભેજાની જ પેદાશ છે. સંતા બંતા જ નહિ પણ અશ્લીલ અને ગંદા જોક્સનો પણ ખુશવંત પાયોનીયર ગણાય છે. પોતાની અનેક બુક્સમા સેક્સ વિષે ઉઘાડેછોગ લખતો અને વર્ણન કરતા ખુશવંત પાસે ડર્ટી જોક્સ નો અદ્ભુત અને મબલક ખજાનો હતો. ગંદા જોક્સ કહેવાનો સીલસીલો કદાચ ખુશ્વંતે જ જાહેરમાં શરુ કરેલો. જો કે આ સીલસીલો ફક્ત -ઈવેટ પાર્ટી કે એના અંગત વર્તુળ પુરતો જ સીમિત રહેતો પણ લોકો એને આવા જોક્સની ફરમાઈશો કરતા અને આ ઈશ્કી સરદાર હોશે હોશે સંભળાવતો પણ ખરો. ગંદા જોક્સ થી ઉપર ઉઠીને ખુશવંત ઉર્દૂ કવિતાનો જબરો ચાહક હતો ખાસ કરી ને ગાલીબ નો. દિલ્હી કે કસોલીના એના સાંજ દરબારનો મોટા ભાગ નો સમય ગાલીબની રચનાઓના પઠનમા જ પસાર થતો. ઉર્દૂ ગઝલો વિશેનું એનું જ્ઞાન કાબીલે તારીફ અને એકદમ અવ્વલ દરજ્જાનું હતું . પોતાના લેખોમા ઉર્દૂ ગઝલો અને કલામો ને સમાવવાનો નવતર -યોગ એણે જ શરુ કરેલો.

ખુશવંત... એક એવો આદમી હતો જેણે જેટલી સરળતાથી સેક્શ, સ્કોચ એન્ડ સ્કોલરશીપ લખી એટલી જ તાદાત્મતાથી ટ્રેન ટુ પાકિસ્તાન પણ લખી છે ...એણે જેટલા નોટી ચમકારાથી 'ધી કંપની ઓફ વુમન' લખી એટલી જ બારીકાઈ અને ઝીણવટથી શીખોના ઈતિહાસ નું દર્શન કરાવતા પુસ્તક 'ધ હિસ્ટ્રી ઓફ શીખ્શ' જેવા અનેકો શીખ ધર્મ પરના પુસ્તકો લખ્યા છે. જેટલી દિલકશીથી એ સ્કોચ પી શકતો કે સ્ત્રીની કમરમા હાથ નાખી નાચી શકતો એટલી જ તીવ્રતાથી એ પદ્મશ્રી પાછો પણ આપી જાણતો. અંગ્રેજી મા કહેવાય છે ણે કે 'હી લીડ્ડ ફુલ્